### જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ કાયદાને એક મહિનો પૂર્ણ

# અરવલ્લીમાં ૧૧ ભૂમાફિયાઓ વિરૂદ્ધ મળી અરજી, મેઘરજ તાલુકામાં સૌથી વધારે ૭ અરજી

રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિમય ૨૦૨૦ કાયદાને એક સરકાર દ્વારા ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ કાયદો અમલી કર્યો હતો, આ કાયદા અન્વયે ઘણાં વર્ષોમાં અરવલ્લી જિલ્લામાં જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, જોકે રાજ્ય સરકાર દ્વારા



મહિનો આજે પૂરો થયો છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ૧૧ અરજીઓ કલેક્ટર કચેરી ખાતે મળી છે, જેમાં સૌથી વધારે મેઘરજ તાલુકામાં ૭, જ્યારે મોડાસા, ભિલોડા, બાયડ, માલપુર અને મોડાસા તાલુકાની ૧-૧ અરજી મળી છે. જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં વધારે થતાં રાજ્ય ગેરકાયદે જમની પચાવી પાડવાના કિસ્સાઓમાં જિલ્લાની કમિટી દ્વારા



કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા બનાવવામાં આવેલા લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ અંતર્ગત હવે ભૂમાફિયાઓમાં ફફળાટ વ્યાપી ગયો છે. કેટલાક ભૂમાફિયાઓએ ચાલાકીથી ખાતેદારોની જમીન પોતાને નામે કરી લેતા હોય છે, અને ખાતેદારને ખ્યાલ પણ આવતો નથી, આવા કિસ્સાઓમાં પણ મૂળ માલિકને ન્યાય મળવાની આશા છે.

### શું છે ગુજરાત જમીન ચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિમય, ૨૦૨૦ કાયદો

ખોટી રીતે ખેડૂતની જમીન પચાવી પાડવાના કિસ્સાઓને લઈને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ વિદેયક ૨૦૨૦ અંગે વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું, જે કાયદા અંતર્ગત કોઈપણ વ્યક્તિ મૂળ માલિકની જમીન ગેરકાયદે જમીન પચાવી પાડે છે, જેની સામે મૂળ માલિક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અરજી કરી પોતાની સાથે થયેલા અન્યાયને લઈને ભૂમાફિયા સામે કાર્યવાહી કરી શકે છે, શક્ય હોય તો અરજીનો નિકાલ ૬ મહિનાની અંદર કરવાની પણ જોગવાઈ છે. આ માટે નક્કી કરવામાં આવેલ કમિટી દ્વારા નિર્ણય લેવામાં આવે છે.

#### કોઇ હોય છે કમિટીના હોદ્દેદારો

જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં રાજ્ય સરકાર દ્વારા જમીન ધારકોને ન્યાય અપાવવા જમીન પચાવી પાડવા પ્ર પ્રતિબંધ અધિનિય, ૨૦૨૦ કાયદો બનાવ્યો છે, જેમાં પાંચ અધિકારીઓની એક કમિટી હોય છે, જેમાં અધ્યક્ષ તરીકે કલેક્ટર, સભ્ય સચિવ તરીકે નિવાસી અધિક કલેક્ટર તેમજ સભ્ય તરીકે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલિસ વડા અને પ્રાંત અધિકારીનો સમાવેશ થયા છે.

#### કેવી રીતે થાય છે કાર્યવાહી

જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં અરજદારે કરેલી અરજી જે-તે દિવસે પ્રાંત કચેરી ખાતે મોકલી દેવામાં આવે છે, અને પ્રાંત કચેરી દ્વારા ૨૧ દિવસમાં અરજી અંગે રીપોર્ટ કલેક્ટર કચેરીને સોંપવાનો હોય છે, પ્રાંત કચેરી દ્વારા સોંપવામાં આવેલા રીપોર્ટ અનુસંધાને કમિટી બોલાવવામાં આવે છે, અને તપાસ અંગે ચર્ચા કરાય છે, પ્રાંત કચેરીના રીપોર્ટ અનુસંધાને કમિટી દ્વારા સાત દિવસમાં એફઆરઆઈ કરવા માટેના આદેશ કરે છે.

#### અરજી કેવી રીતે કરવી

મામતદાર કેચેરી ખાતે નિયમ અરજી ફોર્મ ઉપલબ્ધ હોય છે, જે ભરી ત્રણ નકલ સાથે રૂપિયા ૨૦૦૦ નું ચલણ બેંકમાં ભરી બિડાણ કરવાનું હોય છે. આ ફોર્મ કલેક્ટર કચેરીના જમીન દફતર વિભાગમાં આપવાનું હોય છે.

# મોડાસામાં કોરોનાગ્રસ્ત દર્દીઓએ કોરોનાનો પેચ લગાવ્યો, ઉજવણીમાં મસ્ત

મોડાસા, તા. ૧૫

કોરોના સંક્રમણના કહેર વચ્ચે ગુજરાતમાં ઉત્તરાયણ પર્વનો ઉત્સાહ જોવા મળ્યો હતો, ત્યારે મોડાસા શહેરની કોવીડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ અને હોસ્પીટલ સ્ટાફે આકાશે કોરોના પેચ લગાવ્યા હતા. અરવલ્લી જીલ્લાની બંને કોવીડ-૧૯ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ખડેપગે સેવા કરતા કોરોના વોરિયર્સ દર્દીઓને હૂંફ આપી રિયલ હીરો સાબીત થઈ રહ્યા છે. ઉત્તરાયણ પર્વમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ પીપીઈ કીટ પહેરી હોસ્પિટલના ધાબે ચઢી રંગ-બેરંગી પતંગ ઉડાડી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી.



ગુજરાતીઓમાં ઉત્તારાયણ પર્વનું વિશેષ મહત્વ છે. કોરોના સંક્રમણમાં લોકોનો હર્ષોલ્લાસ યથાવત રહ્યો હતો ત્યારે મોડાસા કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓઓ ઉત્તરાયણ પર્વથી વંચીત ન રહે તે માટે હોસ્પિટલના નોડલ ઓફિસર ડૉ.યજ્ઞેશ નાયક, સુપ્રિટેન્ડેન્ટ રાકેશ પટેલ અને ફાયર સેફટી ઓફિસર જયેશ રાવલ સહીત સ્ટાફે દર્દીઓ માટે પતંગ-દોરી સાથે પહોંચી પીપીઈ કીટ પહેરેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે ધાબે ચઢી પતંગ ઉડાડી ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે ખુશીયોના પતંગ ઉડાડ્યા હતા અને આકાશે કોરોનાનો પેચ કાપ્યો હતો. કોવીડના દર્દીઓએ આ ઉત્તરાયણ જીવનની યાદગાર ઉત્તરાયણ બની રહેશે અને કોવીડ હોસ્પીટલનો સ્ટાફ સ્નેહીજનોની હૂંફ આપવામાં આવતી હોવાની સાથે કોવીડ હૉસ્પિટલમાં દર્દીની ખુબ જ સારસંભાળ રાખવામાં આવે છે. કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા પણ ખૂબ જ સરસ રાખવામાં આવે છે.

# ડીસામાં લોકોની જાગૃતિના લીધે આ વર્ષે પક્ષીઓના મોતની સંખ્યામાં થયો ઘટાડો

### ૧૦૦થી વધુ પક્ષીઓ ઘાયલ, ૨૫થી વધુના મોત

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની લોકો દ્વારા હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી, જોકે લોકો દ્વારા ઉજવાતા આ પર્વમાં



પક્ષીઓ માટે મોતનો પર્વ બની જાય છે અને દર વર્ષે અનેક પક્ષીઓ દોરીથી કપાઈ જવાના લીધે મોતને ભેટતા હોય છે અથવા તો ઘાયલ થતા હોય છે, જો કે છેલ્લા પાંચ વર્ષથી વિવિધ સંસ્થાઓ દ્વારા પક્ષી બચાવો અભિયાન હેઠળ ચાલતા લોકજાગૃતિના કાર્ય દરમ્યાન લોકોમાં પણ જાગૃતિ આવી છે અને તેના લીધે જ દર વર્ષે પક્ષીઓના મૃત્યુ અને ઘાયલ થવાની સંખ્યામાં ઘટાડો થયો છે ત્યારે આ વર્ષે પણ ડીસા પંથકમાં ૨૫થી વધુ પક્ષીઓનાં મોત નિપજ્યા છે જ્યારે ૧૦૦ જેટલા પક્ષીઓ ઘાયલ થતાં તેઓને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

ડીસા શહેરમાં કાર્યરત અખિલ ભારતીય રાજેન્દ્ર જૈન ધર્મ પરિષદ દ્વારા છેલ્લા દસ વર્ષથી ઉતરાયણ પર્વ નિમિત્તે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવે છે અને દર વર્ષે આ પર્વ દરમિયાન ખાસ કેમ્પનું આયોજન કરી ઘાતક દોરીથી ઘાયલ થતા પક્ષીઓને સારવાર આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં આ સંસ્થા દ્વારા પાંચ હજારથી વધુ પક્ષીઓને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ત્યારે આ વર્ષે પણ ઉત્તરાયણ પર્વ નિમિત્તે આ સંસ્થા દ્વારા પક્ષીઓ માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦ વધુ ઘાયલ થયેલા પક્ષીઓ ને આ કેમ્પમાં સારવાર આપવામાં આવી છે જોકે ઘાતક દોરી ના લીધે ડીસા પંથકમાં ૨૫થી વધુ પક્ષીઓનાં મોત નિપજ્યા છે.



**અરવલ્લી જિલ્લામાં કાપ્યો છે... લપેટ...ની બૂમો વચ્ચે ઉતરાયણની ઉજવણી**

અરવલ્લી જીલ્લામાં ઉતરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ ‘‘એ કાપ્યો છે’’... એ લપેટ.. લપેટ..ના નાદ સાથે આકાશમાં રંગબેરંગી પતંગોનું અવકાશી યુદ્ધ જામ્યું હતું. ઉત્તરાયણ પર્વમાં દાનનો અનેરો મહિમા હોવાથી જિલ્લામાં સવારથી જ લોકોએ ગાયોને ઘાસ તેમજ જરૂરિયાતમંદોને કપડાંનું દાન કર્યું હતું. ઊંધિયું જલેબી અને લીલવાની કચોરી તેમજ ફાફડાની જયાફત ઉડાડવાની સાથે અગાસી પર પતંગ ચગાવવાની મોજ માણી હતી. ઉતરાયણ પર્વની દબદબાભેર ઉજવણી કરવા નાના ભૂલકાઓથી માંડી સૌ કોઈ સવારથી જ પોતાની અગાસી પર જઈને રંગબેરંગી અવનવા પતંગો સાથે એકબીજાના પેચ લગાવવાની મોજ માણી હતી.

# શ્રીરામ મંદિર નિમાર્ણ નિધિમાં ડીસામાં પ્રથમ દિવસે એક કરોડ ઉપરાંતની ઉછામણી

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન નો શુક્રવારે ડીસાની આદર્શ હાઈસ્કુલ થી સંતો-મહંતો



અને રાજકીય તેમજ સામાજીક આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. જેમાં સમર્પણ નીધિના પ્રથમ દિને જ એક કરોડ ઉપરાંત ની ઉછામણી થતાં આદર્શ સંકુલ "જય જય શ્રીરામ" ના નારાથી ગુજી ઉઠ્યું હતું.

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન તા. ૧૫ જાન્યુઆરી થી તા. ૨૭ ફેબ્રુઆરી એટલે કે "મકરસંક્રાંતિ થી માઘી પૂર્ણિમા" સુધી ચાલનાર છે. ત્યારે શુક્રવારે ડીસાની આદર્શ હાઈસ્કુલ ખાતે ડીસા, ધાનેરા, કાંકરેજ અને દાંતીવાડા (ડીસા જીલ્લો) વિભાગની સમર્પણ નિધિ માટેની બેઠક પરમ પૂજય ભુરાનંદજી મહારાજ (શ્રી રાજ વિધ્યા પ્રચાર સેવા સંસ્થાન કુવારવા), પરમ પૂજય પ્રકાશપુરીજી મહારાજ (દેવદરબાર મઠ) અને પ્રતાપભાઈ ઠક્કર (રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના જીલ્લા સરસંઘચાલક) ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ડીસા ખાતે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને રબારી સમાજના આગેવાન માવજીભાઈ દેસાઈ દ્વારા ૫.૧ લાખ, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા દ્વારા ૨.૫૧ લાખ સહિતના દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી. ડીસામાં સમર્પણ નિધિના પ્રથમ દિવસે જ એક કરોડ ઉપરાંત ના દાનની જાહેરાત થતાં જ આદર્શ હાઈસ્કુલ સંકુલ "જય જય શ્રીરામ" ના નાદથી ગુજી ઉઠ્યું હતું.

સમર્પણ નીધિ પ્રસંગે યોજાયેલ બેઠકમાં સાંસદ પરબતભાઈ પટેલ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા, કાંકરેજના ધારાસભ્ય કીર્તિસિંહજી વાઘેલા, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, ગુજરાત હાઉસિંગ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન મગનલાલ માળી, સંસ્કાર મંડળ ડીસાના પ્રમુખ ડૉ. અજયભાઈ જોષી, રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના શૈલેષભાઈ સિસોદિયા સહિત રાજકીય, સામાજીક અને વિવિધ સંસ્થાઓના હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉત્તરાયણમાં કોરોનાને કોરાણે મૂકી જિલ્લો બન્યો પતંગોત્સવમય

### આકાશ રંગબેરંગી, પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી : લોકો ડીજેના તાલે ગરબે જુમ્યા, સાંજે આતશબાજીનો આનંદ

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તારાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે...એ લપેટ...લપેટ..ના નારા સાથે રંગબેરંગી પતંગ આકાશે ચઢાવી પીપુડા, ઢોલ-નગારા અને ડીજેના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભર ઉજવણી કરી હતી. ઉત્તરાયણ પર્વમાં દાનનો મહિમા



અનેરો હોવાથી બંને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવાની સાથે જરૂરિયાતમંદ લોકોને કપડા અને અનાજ સહિતનું દાન કરી પુણ્ય કમાવવાનો અહેસાસ અનુભવતા હતા. ઉંધીયું, જલેબી, લીલવાની કચોરીની જયાફત ઉડવાની સાથે બપોર સુધી પવનની મધ્યમ ગતી સાથે પતંગ ચગાવી બપોર બાદ પવનની મંદ ગતીથી પતંગરસિયાઓએ ગુબ્બારા અને ડીજેના તાલે ડાન્સ સાથે ગરબા રમી આનંદ માણયો હતો. અવનવા રંગબેરંગી પતંગથી આકાશ રંગીન બન્યું હતું. વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર બે દિવસ સતત ઉજવણી કરી હતી.

મકરસંક્રાંતિ પર્વની દબદબાભેર ઉજવણી કરવા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહીત યુવાવર્ગ પતંગરસિયા, અબાલ-વૃદ્ધ સૌ કોઈએ કાયપો છે... લપેટ...લપેટના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ઉડાડવા જગ્યા મળી ત્યાં પતંગ ચગાવતા આકાશ અવનવા રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. નાના બાળકો, યુવાધન, વૃધ્ધો સૌ કોઈને મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથીજ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી, ચીક્કી અને ઉધીયું જલેબીની અને ફાફડાની મિજબાની સાથે અગાસીઓ પર પરિવારજનો અને મિત્રો સાથે પીપુડાં, ગોગલ્સ, અવનવા કાર્ટૂન માસ્ક ટોપી સાથે સજ્જ બની અગાસી પર ખડકાયેલા જોવા મળ્યા હતા. બપોર સુધી પવન મધ્યમ ગતિએ રહેતા પતંગ રસિયાઓ આનંદિત બન્યા હતા, બપોર પછી વાયુદેવે રીસામણા લેતા લોકોએ ગુબ્બારા અને ડીજેના તાલે ઉલ્લાસ ભેર ઉજવણી કરી હતી સાંજ થતાની સાથે બંને જિલ્લામાં આતશબાજી અને ફટાકડા ફોડી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી. બંને જિલ્લામાં ચાઈનીઝ અને દેશી બનાવટના તુક્કલોથી આકાશ ઝગમગી ઉઠ્યું હતું.

# ઊંઝાના ગ્રામિણ વિસ્તારોની એસ.ટી. બસ ચાલુ કરવા માંગ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા એસ.ટી. ડેપો દ્વારા કોરોના મહામારીમાં લોકડાઉનના સમયે બંધ કરાયેલ ગ્રામ્ય વિસ્તારના રૂટોની લોકલ બસ સર્વિસો હવે અનલોકમાં પણ શરૂ ન થતાં ગ્રામ્ય પ્રજા ભારે હાલાકી વેઠી રહી છે.

ગત માર્ચ માસમાં કોરોના મહામારીને લીધે સરકારે લોકડાઉન જાહેર કરતા એસ.ટી. બસોના પૈડાં થંભી ગયા હતા. લાંબા સમય સુધી બસોનુ સંચાલન બંધ રહ્યા બાદ સરકારી ગાઈડલાઈન મુજબ શહેરી વિસ્તારની એસ.ટી. બસો શરૂ કરવામાં આવી હતી. હાલ શહેરી વિસ્તારની તમામ બસ સર્વિસો શરૂ થઈ ગયેલ છે પરંતુ અનલોકમાં હજી સુધી ગ્રામ્ય વિસ્તારની શિડ્યુલ બસો પૈકી મોટાભાગની બસો બંધ હોઈ ગામડાના લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. ગ્રામ્ય વિસ્તારના બસ રૂટો શરૂ થાય અને ગ્રામ્ય પ્રજાની મુશ્કેલી દૂર થાય તે માટે ગામડાઓના સરપંચો તેમજ તાલુકાના ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓને જાણે કંઈ જ પડી ન હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

બીજુ ગ્રામ્ય વિસ્તારની બસો શરૂ કરવા માટે ગામડાના કોઈ નાગરિક ઊંઝા એસ.ટી. ડેપોમાં રજૂઆત કરવા જાય છે ત્યારે જવાબદાર અધિકારી ઉધ્ધત જવાબ આપતા હોવાની લોક ફરિયાદ ઉઠી છે. બસ સ્ટેશનના કંટ્રોલ કેબિનમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ મુસાફરોને યોગ્ય જવાબ આપતા નથી. રાત્રિના આઠ વાગ્યા પછી કંટ્રોલ કેબિનમાં કોઈ કર્મચારી હાજર જોવા મળતા નથી. આમ છેલ્લા કેટલાયે સમયથી ડેપોનું તંત્ર ખાડે જતાં તાલુકાની મુસાફર જનતામાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

# ખેડબ્રહ્મા ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

### ૮ ગામોના ૧૨૬૫ ખેડૂતોની પિયત માટે દિવસે વીજળીનો લાભ મળશે

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડૂતોના જીવનમાં ઐતિહાસિક પરિવર્તન લાવનાર કિસાન સૂર્યોદય યોજનાનો



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અરવલ્લીના બાયડ ખાતેથી શુભારંભ કરાવ્યા બાદ તબક્કાવાર સમગ્ર ઉત્તર ગુજરાતમાં અમલી બનાવી છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાને રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારાએ શુભારંભ કરાવ્યો હતો. આ યોજના થકી ખેડબ્રહ્માના ૮ ગામોના ૧૨૬૫ ધરતીપુત્રોને આજથી ખેતરમાં પિયત માટે દિવસે વીજળીનો લાભ મળશે.

ખેડૂતોને સંબોધતા રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે રાજ્યની આ સરકારે અંતરિયાળ અને છૂટા છવાયા આદિવાસી ઘરોમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડી છે તેની સાથે હવે નાના આદિવાસી ખેડૂતોને દિવસે વીજળીનો લાભ મળે તે માટે કિસાન સૂર્યોદય યોજના લાવી છે.

તેમણે જયોતીગ્રામ યોજનાની વાત કરતા ઉમેર્યું હતું કે ખેડબ્રહ્માના આદિવાસી ખેડૂતોને એકપણ વીજ કનેક્શન આપવાનું બાકી નથી. અત્યાર સુધીમાં ૧૫૫૫ ખેડૂતોની રૂ. ૨૪૩૫ લાખના ખર્ચે વીજજોડાણો અપાયા છે. તો વળી રૂ. ૧૪.૬૩ લાખના ખર્ચે ૧૭૨ લોકોને ઝુપડપટ્ટી યોજના વિજળીકરણનો લાભ અપાયો છે. જ્યારે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત રૂ. ૨૫૦ લાખના ખર્ચે ૩૭૬૧ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અગાઉના સમયમાં ખેડૂતોને મોટર બળી જવાના અને લંગડિયા દ્વારા લંગળી વીજળી મળતી હતી પરંતુ આ યોજનાનો પ્રારંભ થતા ખેડૂતોની ગુણવત્તાસભર વીજળી મળતી થશે તેમ વધુમાં જણાવ્યું હતું.

રાજ્ય સરકારની કૃષિલક્ષી યોજનાની વાત કરતાં જણાવ્યું હતુ કે કૃષિ મહોત્સવનું આયોજન કરીને ખેતરે ખેતરે કૃષિ વૈજ્ઞાનિકો ફરીને કૃષિ પેદાશ વધારવાનો પ્રયોગ આદર્યો, તેમણે જણાવ્યું કે ખેડૂતો વ્યાજના ચક્કરમાં ખૂંપી ન જાય તે માટે કિસાન સન્માન નિધિ યોજનાની શરૂઆત કરી જેના થકી ખેડૂતો બિયારણ અને દવાઓ સરળતાથી મળી શકે, તેમણે સરકારના કૃષિ કાયદાને આવકારતા જણાવ્યું હતું કે ખેડૂતોના મોંઘા મોલનો યોગ્ય ભાવ મળી રહે તે માટે કંપની સાથે સીધા ભાવ તાલ કરી શકે તેને લઈ કોન્ટ્રાક્ટ ફાર્મિંગની શરૂઆત કરી છે. આવા અનેકવિધ સુધારા ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવશે તેમ તેમણે જણાવ્યું હતું.

## શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ ધનસુરા તાલુકા કાર્યાલયનો શુભારંભ

ધનસુરા, તા. ૧૫

ધનસુરા ખાતે શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ ધનસુરા તાલુકા કાર્યાલયનો શુભારંભનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે, હિન્દુ ધર્મ,ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતિક સમાન આ મંદિર વાસ્તુકલામાં પણ અદ્વિતીય હશે. મંદિરના નિર્માણ હેતુ આગામી સમયમાં દેશના ૨૮ કરોડ કરતા વધુ પરિવારોને જોડવાના લક્ષ્ય સાથે એક વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચાલવાનું છે. આ અભિયાનના સંચાલન હેતુ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ ધનસુરા તાલુકા કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ.પૂ.મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ, શ્રી રામજી મંદિર ધનસુરા, પ.પૂ શાંતિગીરીજી મહારાજ મહાદેવ મંદિર ખડોલ, દાતાઓ, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.